**કૈલાસધામ યોજના.- નગરપાલિકા વિસ્તારોમાં વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાનગૃહોને આધુનિક બનાવવા સહાયક અનુદાન આપવા બાબત**

7 FEB 2013
ઇન્વર્ડ નંબર : 27

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૨/SF-61/ધ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૧/૨૦૧૩

વંચાણે લીધા :

(૧). શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૫-૧-૨૦૦૭નો ઠરાવ નં. વસભ-૧૧૨૦૦૬-૪૦૫૮-૨

(૨). શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૨૧-૧૨-૨૦૧૧ નો ઠરાવ નં. વસમ/૧૧૨૦૧૦/SF-61/ધ

ઠરાવ :

આમુખમાં દર્શાવેલ તા. ૫-૧-૨૦૦૭ના ઠરાવથી રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત/ગેસ આધારિત સ્મશાન ગૃહો બનાવવા માટે સહાયક અનુદાન આપવા અંગેની કૈલાસધામ યોજના અમલમાં મુકેલ છે. જ્યારે તા. ૨૧/૧૨/૨૦૧૧ ના ઠરાવથી આ યોજના અંતર્ગત નગરપાલીકાઓ દ્વારા નિભાવવામાં આવતા સ્મશાનો માટે ગેસ/વિધૃત સ્મશાનો બનાવવા/કન્વર્ઝન માટે સહાય ઉપરાંત નગરપાલિકા દ્વારા નિભાવવામાં આવતા વિદ્યુત/ગેસ/લાકડા આધારિત સ્મશાન ગૃહોમાં અન્ય માળખાકિય સુવિધાઓ માટે સહાય આપવાનુ અને નગરપાલિકાઓના વર્ગ પ્રમાણે સહાયની રકમના ધોરણો નવેસરથી નકકી કરવામાં આવેલ હતા.

૨. નગરપાલિકા સંચાલિત સ્મશાનગૃહોના આધુનિકરણ કામો માટે ઉપરની યોજના હેઠળ સહાયક અનુદાન આપવાની બાબતે સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાના અંતે હવેથી જે તે નગરપાલિકાની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય અથવા જાહેર નોંધાયેલ ટ્રસ્ટની માલિકી અથવા વ્યવસ્થા હેઠળ હોય અને જેનો ઉપયોગ કોઇ પણ જાતના પ્રતિબંધ સિવાય નગરના લોકો દ્વારા થતો હોય તેવા તમામ સ્મશાનગૃહોના આધુનિકરણ માટે સ્મશાન દીઠ નીચે પ્રમાણેની સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| નગરપાલિકાનો વર્ગ | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| સ્મશાન દીઠ મળવાપાત્ર સહાયની રકમ (લાખમાં) | ૨૫ | ૨૦ | ૧૫ | ૧૫ |

3. સ્મશાનના આધુનિકરણ માટે નીચે મુજબના કામો કરી શકાશે.

1) જમીન સમતલ કરવાનું કામ

2) કંપાઉન્ડ વોલ,

3) એન્ટરન્સ પોર્ચ ગેઈટ સાથે.

4) ઓફીસરૂમ, વોટરકુલર રૂમ એન્ડ. મ્યુઝિક રૂમ.

5) ભગવાનની મૂર્તિ, ગ્લાસ કેબિનેટ સાથે.

6) સ્ટાફ ક્વાટર્સ (ચાર)

7) ડેડ બોડી અંતિમ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)

8) વુડન સ્ટોર રૂમ.

9) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ),

10) પ્રાર્થના હોલ

11) વોટર ટેંક અને પંપ હાઉસ.

12) પાર્થ વે વીથ પેવીંગ.

13) ગાર્ડનીંગ.

14) વનીકરણ તથા પાર્કિંગ વ્યવસ્થા

15) ગરમ પાણી માટે સોલાર સિસ્ટમ

16) ટોયલેટ બ્લોક વિથ સાવર બાથ.

17) બાળકો માટે સ્મશાનગૃહ વિકાસ સ્મૃતિવન સાથે.

18) એેંટ્રી આર.સી.સી.રોડ

19) લાઈટ સિસ્ટમ.

20) મેઇન રોડ તથા ફરતા રોડના ફલોરીંગનું કામ

21) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે

22) અન્ડરગ્રાઉન્ડ પાઇપાલાઇનની પાઇપો વિ.સામાન તથા મંજૂરી

પર્યાવરણલક્ષી સમતુલા જળવાય અને પ્રદુષણ ઘટે તે માટે સ્મશાનોમાં લાકડાનો ઉપયોગ ઘટાડવો જરૂરી છે. આ માટે જ્યાં શક્ય અને વ્યવહારૂ હોય ત્યાં જે તે સ્મશાનની દરખાસ્તમાં ગેસ/વિધૃત સ્મશાનો બનાવવા/કન્વર્ઝનના કામને અન્ય કામો સામે પ્રાધાન્ય આપવામાં આવશે.

૪. આ અનુદાન મેળવવા માટે કરવાનાં થતા કામોના નક્શા તથા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ

બોર્ડની વહીવટી મંજુરી તથા ગ્રાંટ ચુકવણી માટે કલેક્ટરશ્રીના અભિપ્રાય સહ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને મોકલવાની રહેશે.

સ્મશાનગૃહ નગરપાલિકાના દરેક નગરજનો દ્વારા મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવામાં આવે છે અને ટ્રસ્ટ તરફથી કોઇ નગરજન ઉપયોગ ન કરી શકે એવા પ્રતિબંધ રાખવામાં આવેલ નથી તે અંગેનું નગરપાલિકાનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અનુદાનની મર્યાદા ઉપરનો ખર્ચ નગરપાલિકાની માલીકીના કિસ્સામાં લોકભાગીદારીથી તથા સ્વભંડોળમાંથી કરવાનો રહેશે જ્યારે ટ્રસ્ટની માલિકીના કિસ્સામાં લોકભાગીદારીથી તથા ટ્રસ્ટના સ્વભંડોળમાંથી કરવાનો રહેશે. આ યોજના ફકત નગરપાલિકા વિસ્તારના રહીશો માટેજ છે, આ યોજના અંતર્ગત કરવાની દરખાસ્ત નગરપાલીકા તરફથી રજૂ કરવાની રહેશે

આ યોજનાનો ખર્ચ નીચે દર્શાવેલ સદરો હેઠળ ઉધારવાનો રહેશે. અને વર્ષો વર્ષ થનાર જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

---

(૧) સામાન્ય સદર

માંગણી નં.૧૦૨ મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ.

પેટા મુખ્ય સદર-૦૩-નાના અને મધ્યમ કદના નગરોનો સંકલિત વિકાસ

ગૌણ સદરઃ (૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરે માટે સહાય.

પેટા સદર(૪૬) યુડીપી-૦૫ નિર્મળ શહેર (આયોજન)

ચાર્જેબલ હેડઃ ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૪૬ કોમ્પ્યુટર કોડઃ ૧૧૭૩૧૪

---

(૨) એસ.સી.પી સદર

માંગણી નં.૯૫ મુખ્ય સદર-૨૨૧૭-શહેરી વિકાસ.

પેટા મુખ્ય સદર-૦૩-નાના અને મધ્યમ કદના નગરોનો સંકલિત વિકાસ

ગૌણ સદરઃ (૧૯૧) સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વિગેરે માટે સહાય.

પેટા સદર(૦૫) યુડીપી-૦૫ નિર્મળ શહેર (આયોજન)

ચાર્જેબલ હેડઃ ૨૨૧૭ ૦૩ ૧૯૧ ૦૫ કોમ્પ્યુટર કોડઃ ૧૩૭૩૧૪

---

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ડી.સુથાર)
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શ.વિ.) ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉર્જા અને પટ્રોકેમિકલ્સ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ઇલેક્ટ્રીસીટી ઉદ્યોગભવન, ગાંધીનગર
- વિભાગનાં સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટ જનરલ-૨ (ઓડીટ) ગુજરાત રાજ્ય, રાજકોટ
- સર્વે કલેકટરશ્રી,
- પસંદગી ફાઇલ
- મદદનીશ પસંદગી ફાઇલ અને શાખા સીલેક્ટ ફાઇલ.